# તલોદના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમારને તાજપુર કેમ્પ ખાતે ફળ તુલા યોજાઈ



તલોદ, તા.૮

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના તાજપુર કેમ્પ ખાતે માનનીય ગજેન્દ્ર સિંહ પરમાર ને ફળમાં તોલવા માં આવ્યા હતા. ગત વર્ષે યોજાયેલ ચૂંટણીમાં જંગી બહુમતીથી જીતશે તો તેમને ફળફળાદી માં તોલવા માં આવશે તેવો સંકલ્પ ભાજપના રણજીતસિંહ એ ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર ને ફળમા તોલવા ની માનતા રાખી હતી જયારે આજ રોજ ઢોલ નગારા સાથે ગજેન્દ્રસિંહ પરમાર સ્વાગત કરવામાં આવ્યું હતુ જયારે ફૂલ પુષ્પ વળે મહેમાનો સ્વાગત કરી માનતા પૂર્ણ થતાં આજ રોજ આ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો જયારે માનતા પૂર્ણ કરવા માં આવી હતી આ પ્રસંગે પૂર્વ માર્કેટ ચેરમેન કલ્પેશભાઈ પટેલ ,માર્કેટ ના ચેરમેન સંજયભાઈ ,રેખાબા ઝાલા,તેમજ ગ્રામજનો, આગેવાનો સરપંચ સહિત લોકો મોટી સંખ્યામાં હાજર રહી આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# મોડાસાની શ્રી.એન.એસ. પટેલ લો કોલેજનો વાર્ષિકોત્સવ ઉજવાયો

## હાઈકોર્ટના જસ્ટીસ એ કહ્યું, "સાયબર ક્રાઈને લઇને જાગૃતતા જરૂરી"

મોડાસા, તા. ૮

અરવલ્લી જિલ્લાની એકમાત્ર કાયદાનું જ્ઞાન પીરસથી સંસ્થા એટલે મોડાસાની શ્રી. એન.એસ. પટેલ લો કોલેજ. મોડાસાની શ્રી. એન.એસ. પટેલ લો કોલેજનો વાર્ષિકોત્સવ ઉજવાયો હતો. મોડાસાના ભા.મા.શા હોલ ખાતે ધી. મ.લા.ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળ સંચાલિત શ્રી. એન.એસ. પટેલ લો કોલજના વાર્ષિકોત્સવ અને ઈનામ વિતરણ કાર્યક્રમ માં ગુજરાત હાઈકોર્ટના જજ નિરઝર એસ.દેસાઈ, જજ ડી.એ.જોષી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

મોડાસાના ભામાશા હોલ ખાતે આયોજિત વિદ્યાશાખાના વિદ્યાર્થીઓના વિદાય સમારોહ તેમજ ઈનામ વિતરણ કાર્યક્રમમાં ઉપસ્થતિ રહેલા ગુજરાત હાઈકોર્ટના જજ નિરઝર દેસાઈએ સારા વકીલ કેવી રીતે બનવું અને શું ધ્યાન રાખવું તે અંગે વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. તેમણે ઉમેર્યુ કે, મોટી સંખ્યામાં કાયદના વિદ્યાર્થીઓને વકીલ બનવા જઈ રહેલા વિદ્યાર્થીઓને જોઈએ તેઓ ખુશી વ્યક્ત કરી રહ્યા છે. તેમણે ઉમેર્યુ કે, માત્ર એલ.એલ.બી. કરીને સમિતિ ન રહે પણ સારા વકીલ બનને તે માટે માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. સાયબર ક્રાઈમને લઈને જજ નિરઝર દેસાઈએ જણાવ્યું કે, સાયબર ક્રાઈમને



લઈને સરકાર દ્વારા બહોળી રીતે પ્રસિદ્ધિ કરવામાં આવી રહી છે, આ માટે કડક કાયદા પણ બનાવાયા છે, જેમાં ૩ વર્ષ થી લઈને લાખ રૂપિયા સુધીના દંડની જોગવાઈઓ કરવામાં આવી છે. આ માટે આઈ.ટી. એક્ટ પણ બનાવાયો છે. સાયબર ક્રાઈમની ઘટનાને લઈને લોકોમાં અવેરનેસ ખૂબ જ જરૂરી હોવાનું ઉમેર્યુ હતું. તેમણે એમપણ જણાવ્યું કે, સમાજમાં જ્યાં સુધી જાગૃતતા નહીં આવે ત્યાં સુધી આવા લોકો સુધી પહોંચી શકાશે નહીં, માટે લોકોએ સાવચેત રહેવું ખૂબ જરૂરી છે. અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેલા હાઈકોર્ટના જજ ડી.એ.જોષીએ વિદ્યાર્થીઓને માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. તેઓ મૂળ મોડાસા તાલુકાના લીંભોઈના વતની છે અને વર્ષો સુધી મોડાસામાં વકીલાતના વ્યવસાય સુધી સંકળાયેલા હતા ત્યારે તેઓની માતૃ અને કર્મભૂમિ પર આવતા તેમણે ખુશી વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું કે, હવે લોકોમાં કાયદા પ્રત્યેની જાગૃતતા આવી છે. તેમણે જણાવ્યું કે, હવે કાયદાના વિદ્યાર્થીઓને જિલ્લાના હેડક્વાર્ટર ખાતે જ જિલ્લા કોર્ટમાં કામગીરી કરવાની તક મળી રહે છે. એલ.એસ પટેલ લો કોલેજના વિદ્યાર્થીઓએ વર્ષ દરમિયાન કરેલી સારી કામગીરી બદલ પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સાથે જ યુનિવર્સિટીની પરીક્ષામાં સારા ગુણ મેળવનાર કાયદાના વિદ્યાર્થીઓને મેડલ અને ટ્રોફી આપી સન્માનિત કરાયા હતા. આ સમગ્ર કાર્યક્રમમાં શ્રી. એન.એસ. પટેલ લો કોલેજના આચાર્ય ડો. રાજેશ વ્યાસે અતિથિઓનું શાબ્દિક સ્વાગત કર્યુ હતું, તો ડો. અશોક શ્રોફે કોલેજ તેમજ મંડળના અહેવાલનું વાંચન કરી કોલેજના કામગીરી અંગે જાણકારી આપી હતી, જ્યારે ડો. અલ્પાબેન ભટ્ટીએ કાર્યક્રમની આભારવિધી કરી હતી તો ડો. સોનિયા જોષીએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યુ હતું. આ સાથે કાર્યક્રમને સફળ બનાવવા તમામ પ્રાધ્યાપક અને વિદ્યાર્થીઓએ ભારે જહેમત ઉઠાવી હતી. એન.એસ.પટેલ લો કોલેજના વાર્ષિકોત્સવ અને ઈનામ વિતરણ કાર્યક્રમમાં ધી. મ.લા.ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળના પ્રમુખ નવીનચંદ્ર મોદી. મંત્રી મહેન્દ્રભાઈ શાહ, સેક્રેટરી ધ્રુવભાઈ શાહ લો કોલેજના આચાર્ય ડો. રાજેશ વ્યાસ, ડો. અશોક શ્રોફ, ડો. અલ્પા ભટ્ટી, ડો. સોનિયા જોષી, પ્રો. મંજરીસિંગ ખાસ ઉપસ્થિત રહ્યા હતા આ સાથે જ ટ્રસ્ટીઓ, તમામ કોલેજના આચાર્યો, વકીલ મિત્રો, સામાજિક સંસ્થાઓના અગ્રણીઓ પ્રાધ્યાપકો તેમજ મોટી સંખ્યામાં કાયદાના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રી જે.એસ મહેતા ઉચ્ચતર પ્રાથમિક વિભાગ ધનસુરા ખાતે બાળકોને તિથિ ભોજન અપાયું

ધનસુરા, તા. ૮

શ્રી જે.એસ મહેતા ઉચ્ચતર પ્રાથમિક વિભાગ ધનસુરા ખાતે બાળકોને તિથિ ભોજન અપાયું હતું.શાળા ની અંદર બાળકોને તિથિ ભોજન આપવામાં આવ્યું હતું તિથિ ભોજન ના દાતા પૂર્વ આવ્યું હતું જેમાં મંડળના પ્રમુખ શ્રી કાંતિભાઈ પટેલ, ઉપપ્રમુખ ગોપાલભાઈ ઠેકડી,વિઠ્ઠલભાઈ પટેલ મંત્રીશ્રી ગોવિંદભાઈ પટેલ,ધીરુભાઈ પટેલ તેમજ સહમંત્રી હસમુખભાઈ પટેલ,દિપેશભાઈ શાહ,પીન્ટુભાઈ તેમજ ભગીની સંસ્થા ના આચાર્ય



વિદ્યાર્થી અને ડોક્ટર ધ્રુવકુમાર પટેલ હતા કાર્યક્રમ માં તેમના પિતાશ્રી વિનોદભાઈ તેમજ માતાશ્રી અરુણાબેન ઉપસ્થિત રહ્યા હતા સાથે ધનસુરા કેળવણી મંડળ સંચાલિત શ્રી જે.એસ.મહેતા ઉચ્ચતર પ્રાથમિક વિભાગ ધનસુરા સ્કૂલની અંદર ધોરણ આઠના બાળકોનો શુભેચ્છા સમારોહ તેમજ શાળામાં વર્ષ દરમિયાન વિવિધ પ્રવૃત્તિઓમાં બાળકો એ મેળવેલ નંબર ને આધારે ઈનામોત્સવ નું આયોજન કરવામાં પ્રકાશભાઈ દેસાઈ તેમજ દક્ષાબેન પટેલ,એસ.એમ.સી ના સભ્યો તેમજ વાલીઓ હાજર રહ્યા હતા અને ઈનામોત્સવના ઈનામોના દાતા એવા અનિતાબેન કડિયા પણ આ પ્રસંગે હાજર રહ્યા હતા અને બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો છેલ્લે શાળાના આચાર્ય બેન લલીતાબેન કલાસવા અને સ્ટાફ પરિવાર વતી મંડળના હોદ્દેદારો તેમજ દાતાશ્રીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

# તલોદમાં જલારામ સત્સંગ હોલમાં સુંદરકાંડ સાથે હનુમાન જયંતિ ઉજવાઈ



તલોદ, તા. ૮

તલોદમાં ભક્તિરસનું ચોતરફ સુવાસ ફેલાવી રહેલી જલારામ સત્સંહ હોલમાં હજારો ભક્તમેળાથી ઊભરાયેલા માનવ - મહેરામણ વચ્ચે સુંદરકાંડ મોડી રાત્રી સુધી યોજાયો હતો. હનુમાન જન્મદિવસની ભવ્યથી ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં અસંખ્ય ભક્તોએ કઢી અને ખિસડી મહાપ્રસાદી લઈ ધન્યતા અનુભવી હતી.

લોહાણા સમાજ દ્વારા હનુમાન જયંતિની ઉજવણીના ભાગરુપે સંત તુલસીદાસ પ્રેરિત સુંદરકાંડનું આયોજન કરવામાં આવ્યં હતું. આ કાર્યક્રમનો લાભ લેવા મોટી સંખ્યામાં ભક્તજનો હાજર રહી હનુમાન જયંતિની ઊજવણી સફળ બનાવી હતી.

# જવાલા માતાજી મંદિર-હિંમતનગર ખાતે ચંડીપાઠ યજ્ઞ યોજાયો

બાયડ, તા. ૮

સાબરકાંઠા જિલ્લાના પાટનગર હિંમતનગર શહેરમાં આવેલ શ્રી જવાલા માતાજી મંદિરે તાજેતરમાં ચૈત્રી પુનમના શુભ દિવસે મંદિર દ્વારા ચંડીપાઠ યજ્ઞનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમાજના બાંધવો તેમજ શહેરના શ્રદ્ધાળુઓએ દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. ચંડીપાઠ યજ્ઞના યજમાન તરીકે સ્વપ્રિલ



પટાંગણમાં ચંડીપાઠ યજ્ઞનું આયોજન મંદિરના સેવક પ્રભુદાસભાઈ ભાટીયાની દેખરેખ હેઠળ કરવામાં આવ્યું હતું.જેમાં ૪ જેટલા યજમાનોએ માતાજીના યજ્ઞમાં પાટલે બેસી અનન્ય લાભ લીધો હતો.

જાણવા મળ્યા મુજબ હિંમતનગર શહેરમાં આવેલ ખ્યાતનામ શ્રી જવાલા માતાજી મંદિર ખાતે દર વર્ષની પરંપરા મુજબ ચૈત્રી નવરાત્રિની પુનમ અને શ્રી હનુમાન જયંતિ નિમિત્તે મંદિરના આયોજકો કમલેશકુમાર ભાટીયા(બાયડ-અમદાવાદ), હિરેનભાઈ સુરેશભાઈ ભાટીયા, જીગરકુમાર રસિકલાલ ભાટીયા(મોડાસા), યશવંતભાઈ લલ્લુભાઈ ભાટીયા સહિતના યજમાનો બિરાજમાન થયા હતા. ચંડીપાઠ યજ્ઞની મહાઆરતી બાદ પૂર્ણાહૂતિ થયા પછી સર્વે શ્રદ્ધાળુઓ માટે મહાપ્રસાદનું આયોજન મંદિરના આયોજકો દ્વારા કરવામાં આવ્યું હતું.

# ખેતી બેંકનો નફો રૂા. ૧૦૦ કરોડને પાર, દેશની પ્રથમ ૦ ટકા એન.પી.એ. ધરાવતી બેંક બની : ચેરમેન ડોલર કોટેચા

## વાઈસ ચેરમેન ફલજીભાઈ પટેલ અને બેંક કર્મીઓની કામગીરી દિપી ઉઠી

બાયડ , તા.૮

ખેતી બેંક તરીકે ઓળખાતી ગુજરાત સ્ટેટ કો.ઓપ.એગ્રીકલ્ચર એન્ડ રુરલ ડેવલપમેન્ટ બેંક લી.નો વર્ષના અંતે નફો ૧૦૦ કરોડને પાર કરી ગયો છે. જ્યારે ૦ ટકા એન.પી.એ. ધરાવતી દેશની પ્રથમ બેંકમાં સમાવેશ થયો છે. ખેતી બેંક છેલ્લા ૭ દાયકા કરતાં પણ વધુ સમયથી ખેડૂતોની સાથે રહી અને તેમના માટે કામગીરી કરી રહી છે. પ્રાપ્ત જાણકારી અનુસાર ખેતી બેંકના ચેરમેન ડોલર કોટેચાની અધ્યક્ષતામાં તેમજ વાઈસ ચેરમેન ફલજીભાઈ જી. પટેલ, બોર્ડ ઓફ ડિરેકટર્સની ઉપસ્થિતિમાં બેઠક યોજાઈ ગઈ જેમાં વર્ષ-૨૦૨૨-૨૩ના બેંકના હિસાબો રજૂ કરવામાં આવ્યા જેમાં બેંકે સૌ પ્રથમ વખત ચોખ્ખો નફો રુ ૧૦૧.૫૨ કરોડનો કર્યો છે. ગયા વર્ષે બેંકનું એન.પી.એ. ૫૮.૩૭ ટકા હતુ જે આ વર્ષે ૧૩.૭૭ ટકા થયું છે તેમજ નેટ એન.પી.એ. ૨૪.૩૯ ટકા હતું જે આ વર્ષે ૦ ટકા થતાં બેંકની સિદ્ધિદાયક કામગીરીની કેન્દ્રીય કૃષિ મંત્રાલય સહિત વિભાગના મંત્રીએ પણ નોંધ લીધી છે. ખેતી બેંક દ્વારા ગત વર્ષે ખેડૂતોને રુ ૫૫૨.૯૩ કરોડનું ધિરાણ કરવામાં આવ્યું હતું. આ વર્ષે રુ ૬૪૪.૧૬ કરોડનું માતબર ધિરાણ થયું હતું. તદ્ઉપરાંત બેંકની શેર મૂડી અને સ્વભંડોળમાં પણ વધારો થયો છે. બેંકની કુલ આવક આ વર્ષે વધીને રુ ૧૭૮.૫ કરોડ પહોંચી છે. બેંકના અધિકારી અને કર્મચારીઓએ વર્ષ દરમ્યાન ઉમદા કામગીરી કરી છે તેની બોર્ડ મિટીંગમાં નોંધ લેવામાં આવી હતી. બેંકના ચેરમેનના માર્ગદર્શન હેઠળ ખેતી બેંક પ્રગતિની દીશામાં હરણફાળ ભરી રહી છે તેને બિરદાવાઈ હતી.



## માત્ર નામ પૂરતી ચાલતી ૧૭ ખાનગી શાળાઓ બંધ

# સાબરકાંઠાની ખાનગી શાળાઓમાં ૮૯૭ બાળકોને આર.ટી.ઈ. એક્ટ હેઠળ પ્રવેશ મળશે

**તા.૧૦ એપ્રિલથી ઓનલાઈન ફોર્મ ભરવાની શરુઆત, ૨૨ એપ્રિલ અંતિમ દિવસ : ગત વર્ષ કરતાં પ્રવેશમાં ૨૫ બેઠકનો વધારો**

બાયડ તા.૮

રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ-૨૦૦૯ હેઠળ ગરીબ પરિવારના, સિમિત આવક ધરાવતા બાળકોને ધો.૧ માં ખાનગી શાળાઓમાં પ્રવેશ આપવા માટે તા.૧૦ એપ્રિલથી ઓનલાઈન ફોર્મ ભરવાની શરુઆત થવાની છે ત્યારે સાબરકાંઠા જિલ્લાના ૮ તાલુકાની ૨૦૧ પૈકી ૧૮૪ ખાનગી શાળાઓમાં ધો.૧માં પ્રવેશ આપવા માટેની પ્રક્રીયાનો પ્રારંભ થશે. જ્યારે ૨૨ એપ્રિલ આવેદનપત્ર ભરવા માટેનો અંતિમ દિવસ નક્કી કરવામાં આવ્યો છે. જિલ્લા પ્રા.શિક્ષણ સમિતિ દ્વારા માત્ર નામ પૂરતી ચાલતી અને વિદ્યાર્થી સંખ્યા નહીં ધરાવતી ૧૭ ખાનગી શાળાઓ બંધ કરાતાં તેનો અન્ય શાળાઓને ફાયદો થશે. તા.૩ મે.ના રોજ પ્રવેશ પ્રક્રીયાનો પ્રથમ રાઉન્ડ જાહેર થશે.

દર વર્ષની જેમ આ વર્ષે પણ આગામી જૂન-૨૦૨૩ થી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થવાનો છે તે પૂર્વે ખાનગી શાળાઓ - લાયકાત ધરાવતા બાળકો ધો.૧માં પ્રવેશ મેળવી લે તે માટે આર.ટી.ઈ. અંતર્ગત પ્રવેશ પ્રક્રીયા સમગ્ર રાજ્યમાં શરુ થઈ છે. પાછલા ૨ વર્ષ દરમ્યાન અનેક સુખી સંપન્ન લોકોએ પણ તેમના સંતાનોના ખાનગી શાળાઓમાં પ્રવેશ મેળવ્યાની વિગતો પ્રકાશમાં આવ્યા પછી તંત્રએ બોધપાઠ લીધો છે અને આર.ટી.ઈ. હેઠળ પ્રવેશ મેળવવાના આવેદનપત્ર ભરવામાં આવે ત્યારે વાલીઓને ઈક્મટેક્ષ રીટર્નની વિગતો જાહેર કરવાનું ફરજીયાત ફરમાન કરવામાં આવ્યું છે. શિક્ષણ વિભાગના આ નિર્ણયથી જિલ્લાના ગરીબ પરિવારના અનેક બાળકોને લાભ થવાનો છે. સાબરકાંઠા જિલ્લામાં ૮૯૭ બાળકોને આર.ટી.ઈ. એક્ટ હેઠળ ધો.૧ માં પ્રવેશ મળશે જે ગત વર્ષ કરતાં ૨૫ સંખ્યાનો વધારો છે. જ્યારે ઓછી સંખ્યાના કારણે કેટલીક શાળાઓ બંધ થતાં અન્ય શાળાઓને વધુ વિદ્યાર્થીઓ ૨૫ ટકા પ્રમાણે પ્રાપ્ત થઈ શકશે. આર.ટી.ઈ.માં પ્રવેશ મેળવવા માટે જો કોઈ વાલીએ રીટર્ન ભર્યુ ન હોય તો નિયત નમૂનામાં આપવામાં આવેલ સેલ્ફ ડેક્લેરેશન ફોર્મ અપલોડ કરવું ફરજીયાત છે. જ્યારે તા.૧ જુન-૨૦૨૩ સુધીમાં બાળકને ૬ વર્ષ પૂરા થયા હોય તો જ તે પ્રવેશ મેળવવાને પાત્ર રહેશે અન્યથા તેને પ્રવેશ મળી શકશે નહીં. ધો.૧ માં પ્રવેશ માટેની લાયકાતમાં સુધારો થતાં લાગે છે કે સાબરકાંઠા સહિત ઉત્તર ગુજરાતના અનેક જિલ્લાઓમાં આર.ટી.ઈ. હેઠળ પ્રવેશમાં અનેક બેઠકો ખાલી રહી શકે છે.

### પ્રવેશ પ્રક્રીયાનો ધમધમાટ

- ઓનલાઈન ફોર્મ ભરવા જરુરી દસ્તાવેજ એકઠા કરવા તા.૧ થી ૯ એપ્રિલ-૨૦૨૩ ઓનલાઈન ફોર્મ ભરવા માટેના દિવસ તા.૧૦ થી ૨૨ એપ્રિલ.
- જિલ્લા કક્ષાએ ઓનલાઈન ફોર્મની ચકાસણી તા. ૧૦ થી ૨૩ એપ્રિલ.
- અમાન્ય થયેલ ઓનલાઈન અરજીમાં ખુટતા દસ્તાવેજ અપલોડ કરવાની પુન તક તા.૨૫ થી ૨૭ એપ્રિલ.
- પુન અપલોડ થયેલ અમાન્ય ફોર્મની ચકાસણી તા.૨૫ થી ૨૯ એપ્રિલ.
- પ્રવેશ પ્રક્રીયાનો પ્રથમ રાઉન્ડ તા.૩ મે.

### પ્રવેશ પ્રક્રીયાનો ધમધમાટ

- ઓનલાઈન ફોર્મ ભરવા જરુરી દસ્તાવેજ એકઠા કરવા તા.૧ થી ૯ એપ્રિલ-૨૦૨૩ ઓનલાઈન ફોર્મ ભરવા માટેના દિવસ તા.૧૦ થી ૨૨ એપ્રિલ.
- જિલ્લા કક્ષાએ ઓનલાઈન ફોર્મની ચકાસણી તા.૧૦ થી ૨૩ એપ્રિલ,
- અમાન્ય થયેલ ઓનલાઈન અરજીમાં ખુટતા દસ્તાવેજ અપલોડ કરવાની પુન તક તા.૨૫ થી ૨૭ એપ્રિલ.
- પુન અપલોડ થયેલ અમાન્ય ફોર્મની ચકાસણી તા.૨૫ થી ૨૯ એપ્રિલ.
- પ્રવેશ પ્રક્રીયાનો પ્રથમ રાઉન્ડ તા.૩ મે.

### ગત વર્ષે ૨૦૦૨ અરજીની નોંધણી

આર.ટી.ઈ. એક્ટ હેઠળ પ્રવેશ માટે અનેક વાલીઓ ઉત્સુક હોય છે અને મોટાભાગે રહેઠાણની નજીકની ખાનગી સ્કુલોમાં પ્રવેશ આપવાની જોગવાઈ છે પરંતુ નજીકની શાળાઓમાં જગ્યા ન હોય તો અન્ય દૂરની શાળાઓમાં પ્રવેશ મેળવવાનો રહેશે. સાબરકાંઠા જિલ્લામાં ગત વર્ષે આર.ટી.ઈ. એક્ટ હેઠળ ૨૦૬૨ અરજી આવી હતી અને તેમાંથી મંજૂર થયેલ અરજી ૧૪૮૨ હોવાનું જિલ્લા પ્રા.શિક્ષણ સમિતિ-સાબરકાંઠાના સુત્રોથી જાણવા મળ્યું છે.

# પ્રાંતિજના વદરાડના ઈસમ પાસેથી નોકરી આપવાને બહાને સાત લાખ પડયા

પ્રાંતિજ તા.૮

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ના વદરાડ ના ઈસમ સાથે નોકરી આપવાના બહાને ૭,૦૦,૦૦૦ રૂપિયા પડાવી લેતા પરત નહી કરતા એક પુરૂષ સહિત એક મહિલા સામે પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા પોલીસ ફરિયાદ થઈ. પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપર થી મળતી માહિતી મુજબ પ્રાંતિજ ના વદરાડ ખાતે રહેતા જીમીતકુમાર અમૃતભાઈ પટેલ કે જેવોએ વર્ષ ૨૦૧૮-૧૯ મા ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા લેબોરેટરી આસીસ્ટન્ટ વર્ગ-૩ ની ઓનલાઈન જાહેરાત ક્રમાંક ૧૪જીજીજીમ/૨૦૧૮૧૯/૧૫૯ ની જાહેરાત મા તેવોનો બેઠક ક્રમાંક નંબર-૧૫૯૦૧૨૧૩૯ થી ફોર્મ ભરેલ હોય જે ભરતી મા રૂપિયા ૧૫,૦૦,૦૦૦ આપી તેવોને નોકરી આપવાનો તાજપુર કુઈ ખાતે રહેતા કુમુદદ્ર ઉર્ફે કાકુભાઈ કનુભાઈ પટેલ ને તેમના કહેવા મુજબ અમદાવાદ ખાતે રહેતી મહિલા ભારતી બેન જયંતિ લાલ વિરાણી રહે સરદાર નગર અમદાવાદ ના ખાતા મા તથા અલગ-અલગ દિવસે રોકડા તથા આરટીજીએસ દ્વારા રૂપિયા- ૭,૦૦, ૦૦૦ આપેલ અને બાકી ના ૮,૦૦,૦૦૦ રૂપિયા જીમીતકુમાર ને નોકરી નો ઓડર આપ્યા બાદ આપવાનુ કહ્યુ હતુ પરતુ પરીક્ષા આપતા રીઝલ્ટ મા પાસ થયેલ ના હોય જીમીતકુમારે કુમુદ ચંદ્ર ને આપેલ ૭,૦૦,૦૦૦ લાખ પરત માંગતા માત્ર ૧,૯૫,૦૦૦ પરત કરી બીજા ૫,૦,૫,૦૦૦ પરત નહી આપી ફરીયાદી જીમીતકુમાર ને વિશ્વાસ મા લઈ નોકરી આપવાના બહાને પૈસા પડાવી પરત ના કરતા આખરે જીમીતકુમાર દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા કુમુદચંદ્ર ઉર્ફે કાકુભાઈ કનુભાઈ પટેલ રહે તાજપુર કુઈ તા .પ્રાંતિજ જિ.સાબરકાંઠા જિ.સાબરકાંઠા તથા ભારતી જયંતિ લાલ વિરાણી રહે સરદાર નગર અમદાવાદ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ કરતા પ્રાંતિજ પોલીસે આઈપીસી કલમ ૪૦૬,૪૨૦,૧૧૪ મુજબ ગુનોનોંધી આગળની તપાસ પ્રાંતિજ પોલીસ સ્ટેશન ના પીએસઆઈ એન.એમ.સોલંકી દ્વારા તપાસ હાથ ધરવામા આવી છે.

# પ્રાંતિજ ત્રણ રસ્તા ખાતે ૪૦ ફુટ ભગવા ધ્વજનું નિર્માણ

પ્રાંતિજ તા.૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ પ્રાંતિજ ના ત્રણ રસ્તા ખાતે વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ પ્રંખર દ્વારા ૪૦ ફુટ ના ભગવા ધ્વજ નુ નિર્માણ કરવામા આવ્યુ. પ્રાંતિજ ખાતે વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ પ્રંખર દ્વારા આજે હનુમાન જયંતિ ને લઈ ને પ્રાંતિજ હાઈવે ત્રણ રસ્તા ઉપર ૪૦ ફુટ ના ભગવા ધ્વજનુ સ્થાપણ કરવામા આવ્યુ હતુ તો આ પ્રસંગે જિલ્લા મંત્રી હિતેષ ભાઈ પટેલ, જિલ્લા ઉપાધ્યક્ષ જયેશભાઈ પટેલ, અધ્યક્ષ મેહુલસિંહ ઝાલા, સાબરકાંઠા વિભાગ સમરતા પ્રમુખ નટુભાઈ બારોટ મહેન્દ્રભાઈ પંડયા, મહંત પ્રાણજીવન દાસજી, ડૉ.કેયુરભાઈ પ્રજાપતિ સહિત પ્રાંતિજ તથા હિંમતનગર વિશ્વ હિન્દુ પરિષદ તથા બજરંગ દળ પ્રંખળ કાર્યકરો આગેવોનો ઉપસ્થિત રહ્યા હતા.

